૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૪૧૧ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૬૩૫૯ (હિસાબી અધિકારી)
૨૩૨૫૪૯૯૪ (ટી.સી.બ્રાંચ)
ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,
## ગુજરાત રાજ્ય

વિમા અને લેખા ભવન બ્લોક નં.૧૭,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર-૩૮૨૦૧૦
E mail address:-supt-tc-dat@gujarat.gov.in

નંબરઃ-હિતિનિ/ટીસી/ફા.૧૨૪/૬૦૦૧(૧૩૪)/ ૪૪૫૪-૪૫ તા.૨૫ /૪/૨૦૧૩

**વિષયઃ- જિલ્લા તિજોરી કચેરીઓ ખાતેથી ઈસ્યુ થતા ચેકના VALIDITY સમયમાં ફેરફાર બાબત.**

**વંચાણે લીધોઃ- નાણા વિભાગના તા.૧/૪/૨૦૧૩ના ઠરાવ ક્રમાંકઃતજર/ ૧૦૨૦૧૨/૧૦૩૪/ઝ**

**:: પરિપત્ર - ૪ / ૨૦૧૩ ::**

તમામ જિલ્લા / પેટા તિજોરી કચેરીઓ, પગાર અને હિસાબ કચેરીઓ તથા પેન્શન ચૂકવણા કચેરીઓ ખાતેથી ઈસ્યુ થતા તમામ પ્રકારના ચેકમાં વંચાણે લીધેલ ઠરાવ અન્વયે અગાઉ ચેકનો VALIDITY સમય "three month after the month of issue" બદલીને "three months from the date of issue" કરવા અને timebarred થતાં ચેકોના રીવેલીડેશન ન કરવા ઠરાવેલ છે. સદર જોગવાઈ e-payment અમલી થતાં તે હેઠળના ચૂકવણાઓને પણ લાગુ પાડવાની રહેશે.

ઉકત સુચના ધ્યાને લઈ **આપની કચેરી ખાતે ઉપલબ્ધ તમામ પ્રકારના માયકર / નોન માયકર ચેકમાં છાપકામ કરવામાં આવેલ"three month after the month of issue"ના સ્થાને "three months from the date of issue" નો સ્ટેમ્પ અથવા સ્ટીકર લગાવી ચેકનો ઉપયોગ કરવા સંબંધિતને જરૂરી સુચના આપશો.**

તા.૧/૪/૨૦૧૩ અને ત્યાર પછી ઈસ્યુ કરવામાં આવેલ કોઈપણ ચેક રીવેલીડેટ કરવાના રહેશે નહી. તા.૧/૮/૨૦૧૩થી IFMS પ્રોગ્રામમાં રીવેલીડેટનું ફંકશન દુર કરવામાં આવશે જેની નોંધ લેશો.

તા.૧/૪/૨૦૧૩ની તારીખમાં ઈસ્યુ કરેલ ચેક પૈકીના timebarred થતા ચેકમાં નવા સુધારા મુજબ કાર્યવાહી કરવા અંગત કાળજી લેવા તથા આપના તાબા હેઠળની કચેરીઓ ખાતે તેની અમલવારી ચુસ્તપણે થાય તે અંગે કાર્યવ્યવસ્થા ગોઠવવા આથી જણાવવામાં આવે છે.

વધુમાં, આપની કચેરી તથા તાબા હેઠળની કચેરીઓ ખાતે નિભાવવામાં આવતાં timebarred ચેકના રજીસ્ટર "ફોર્મ નં.૧૬" તા.૧/૪/૨૦૧૩થી timebarred થતા ચેકની તારીખવાર માહિતી તૈયાર કરી એ.જી.કચેરીને માસિક ધોરણે તેની માહિતી મોકલવાની પધ્ધતિ ચાલુ રાખવાની રહેશે..

સંયુક્ત નિયામક
(તિજોરી નિયંત્રણ)

પ્રતિ,

૧. શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ..............................(તમામ)

૨. પગાર અને હિસાબ અધિકારીશ્રી, પગાર અને હિસાબની કચેરી, અમદાવાદ/ ગાંધીનગર

**નકલ રવાનાઃ–**

૩. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, નિધિ નિરીક્ષણ શાખા, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર

૪. તાલીમ અધિકારીશ્રી, તાલીમ કેન્દ્ર, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર તરફ જાણ સારુ.

**નકલ સવિનય રવાનાઃ–**

૫. પ્રતિ, ઉપસચિવશ્રી, નાણા વિભાગ, 'ઝ' શાખા, સચિવાલય, ગાંધીનગર

૬. એકાઉન્ટન્ટ જનરલશ્રી, એ.જી.કચેરી, રાજકોટ/અમદાવાદ

૭. સીલેકટ ફાઈલ.

ગુજરાત સરકાર

નાણા વિભાગ

ઠરાવ ક્રમાંક :ટીઆર/૧૦૨૦૧૨/૧૦૩૪/ઝ

સચિવાલય, ગાંધીનગર

તા. ૦૧/૦૪/૨૦૧૩

સંદર્ભ: એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટનો ત.૬/૧૧/૧૨નો પત્ર ક:TM/S-6/H.Q.'S/MISC/2012-13/OW465

આમુખ

શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંકો અને લોકલ એરીયા બેંકોની જેમ સરકારી ક્ષેત્રમાં સમાન નિતિનાં ભાગરૂપ સરકારી ચેકનાં VALIDITY સમયમાં ઘટાડાનાં રીઝર્વ બેંક દ્વારા થયેલ સુચનનો રાજય સરકારનાં નાણાકિય વ્યવહારો માટે તિજોરી કચેરીઓ મારફતે ઉપયોગમાં લેવાતાં સરકારી ચેકોમાં અમલ કરવા એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ દ્વારા તેઓના સંદર્ભ દર્શિત પત્રથી જણાવવામાં આવેલ છે.

ઠરાવ

આ સંદર્ભમાં સરકારશ્રી કાળજીપૂર્વક અને પુખ્ત વિચારણા ને અંતે રાજય સરકારનાં નાણાકીય વ્યવહારો માટે રાજયની તિજોરી કચેરીઓમાં તથા સબંધકર્તાઓનાં વપરાશમાં આવતાં નીચે દર્શાવેલ વિગતે વર્ગીકૃત થયેલ સરકારી ચેકો

૧. સ્ટેટ ટ્રેઝરી માઇકર ચેક(સળંગ સ્ટેશનરી)

૨. પી.ડબલ્યુ.ડી. ચેક

૩. ફોરેસ્ટ ચેક

૪. ૮૩૩૬ જી.પી.એફ ચેક

૫. પી.ડી./પી.એલ.એ.ચેક

૬. પી.એલ.એ.(ટી.સી) ચેક

૭. જ્યુડીશીયલ ચેક

૮. વિધાનસભા ચેક

૯. લાયઝન ઓફીસર,મુંબઇ/રેસીડન્ટ કમિશ્નર ન્યુદિલ્હી નાં ચેક

નો હાલનો VALIDITY સમય "three month after the month of issue" બદલીને "three months from the date of issue" કરવા અને time barred થતા ચેકોનાં રીવેલીડેશન ન કરવાનું ઠરાવે છે, તથા આ જોગવાઇ e-payment અમલી થતાં તે હેઠળનાં ચૂકવણાઓને પણ લાગુ પાડવાની રહેશે.

.... પાછળ....

ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦ નાં પરિશિષ્ટ-૧૯ નાં ફકરા નં.ડ.૧૪ માં જરૂરી સુધારા અંગેની કાર્યવાહી હવે પછી અલાયદી રીતે કરવામાં આવશે અને ફકરા નં.ડ.૧૩ ની હાલની જોગવાઇ યથાવત રાખવામાં આવે છે.

**"Validity Of Cheques"** સંદર્ભે તિજોરી કચેરીઓ/સંબંધિતોને વિગતવાર સૂચનાઓ આપવા માટે નિયામકશ્રી, હિસાબી અને તિજોરી કચેરીને આથી અધિકૃત કરવામાં આવે છે.

આ ઠરાવનો અમલ તા.૧/૪/૨૦૧૩ થી કરવાનો રહેશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમ થી અને તેમનાં નામે,

(શૈલજા પટેલ)
સંયુક્ત સચિવ,
નાણા વિભાગ

પ્રતિ:

નકલ રવાના પ્રતિ:

* નામદાર રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
  માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,સચિવાલય,ગાંધીનગર
  સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
  માન.વિરોધ પક્ષના નેતાશ્રી,ગુજરાત વિધાનસભા,સચિવાલય,ગાંધીનગર.
  માન. મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
* સચિવશ્રી,ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી,ગુજરાત હાઈકોર્ટ,સોલા,અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, અમદાવાદ.
* સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
  સર્વે અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
  એકાઉન્ટન્ટ જનરલ કચેરી, રાજકોટ / અમદાવાદ.
  પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
  તમામ રાષ્ટ્રીયકૃત બેન્કો
  સિલેક્ટ ફાઈલ.

---

* પત્ર દ્વારા